# India participates at Strengthening Consensus for Peace – a regional meeting on Afghanistan

July 06, 2020

## શાંતિ માટે સર્વાનુમતિ મજબૂત કરવી વિષય પરની - અફઘાનિસ્તાન પરએક પ્રાદેશિક મીટિંગમાં ભારત ભાગ લે છે

જુલાઇ 06, 2020

અફઘાનિસ્તાનની ઇસ્લામિક ગણરાજ્ય સરકાર દ્વારા આયોજિત, 'શાંતિ માટે સર્વાનુમતિ મજબૂત કરવી' પરની અફઘાનિસ્તાન પર પ્રાંતિય સહયોગીઓની એક મીટિંગમાં ભારતે ભાગ લીધો હતો. આ મૂટિંગની અધ્યક્ષતા અફઘાનિસ્તાનનાં રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. મોહમ્મદ અશરફ ગની દ્વારા કરવામાં આવી હતી. આ મીટિંગમાં 20 દેશો અને સંયુક્ત રાષ્ટ્ર સહિતની આંતરરાષ્ટ્રિય સંસ્થાઓએ ભાગ લીધો હતો. સંયુક્ત સચિવ (પીએઆઇ) એ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું .

રાષ્ટ્રપતિ શ્રી અશરફ ગનીએ અફઘાનિસ્તાનમાં કોવિડ 19 સહાયતા પ્રદાન કરવા માટે અને પ્રાંતમાં સમન્વયનાં પ્રયાસો માટે સાર્ક આગેવાનોની મીટિંગનું આયોજન કરવા માટે વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો.

અફઘાન શાંતિ અને સુલેહ પ્રક્રિયા અને સ્વતંત્ર, એકીકૃત, લોકતાંત્રિક અને સ્વાયત્ત અફઘાનિસ્તાનને પ્રાંતિય સહયોગીઓની સહાયતા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ભારતે, અફઘાનિસ્તાનનાં સૌથી મોટા વિકાસ સહયોગીઓમાંથી એક, જેણે 3 બિલિયન યુએસ ડોલરથી વધારેની પ્રતિબદ્ધતા સાથે, સમાવેશક, અફઘાન-નેતૃત્વવાળી, અફઘાન-માલિકીની, અફઘાન-નિયંત્રિત, શાંતિ અને સુલેહ પ્રક્રિયાનાં મહત્વનું ફરીથી ઉચ્ચારણ કર્યું હતું.

ભારતે અફઘાનિસ્તાનમાં સંવિધાનિક આદેશ માટે સમર્થન વ્યક્ત કર્યું , જે સ્ત્રીઓ, બાળકો અને અલ્પસંખ્યકો સહિત અફઘાન સમાજનાં તમામ વર્ગોનાં હિતોનું રક્ષણ કરશે. ભારતે એ તથ્ય પર પ્રકાશ પાડ્યો કે અફઘાનિસ્તાનમાં સ્થાયી શાંતિ હાંસલ કરવા માટે, આતંકવાગી ઠેકાણાઓ અને સુરક્ષિત આશ્રયોનો સફાયો કરવો અતિ મહત્વની પૂર્વ-આવશ્ય.કતા છે.

**જુલાઇ 06, 2020**
**નવી દિલ્હી**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.